જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૧૨/૨૦૨૪ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૮૦ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૮૦/૨૦૨૪

**સાબરમતીઃ** પાર્થ સ/ઓ પ્રવિણભાઇ પંચાલ (રહે. નાગેશ્વર સોસાયટી ભુત બંગલા સુંદરમ કોમ્પલેક્ષની બાજુમાં સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ સાંજના ૭/30 થી તા.૨૨/૧૨/૨૦૨૪ સવારના ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૪૨,૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એન.કે.રાવ ચલાવે છે.

**સરદારનગરઃ** મનોહરલાલ સ/ઓ ખુબચંદ માખીજા (રહે. મ.નં.૬ બ્લોક "કે" અપનાઘર સોસાયટી નરોડા પાટીયા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ રાતના ૧૨/૦૦ થી તા.૨૨/૧૨/૨૦૨૪ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક નજીક પોતાના પુત્રના મકાન નંબર-૨ ના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજેશકુમાર વાલજીભાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** કિરણભાઇ જયંતીલાલ શાહ (ઉ.વ.૬૮) (રહે. બીજો માળ ત્રિલોક એપાર્ટમેન્ટ ભાસ્કર પંડ્યા હોલની બાજુમાં સંદેશ પ્રેસ રોડ બોડકદેવ) એ **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ કલાક ૬/૦૦ થી તા.૨૨/૧૨/૨૦૨૪ કલાક ૮/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૧૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી. એલ.એલ ચાવડા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૮૧/૨૦૨૪</u>**

**ઈસનપુરઃ** હુસેનાબીબી વા/ઓ ગનીમિયાં મલેક (ઉ.વ.૭૦) (રહે. ગલી નં-૧૮ હુસેની મસ્જીદ સામે ગેટ નં-૧ સોનીનું ખેતર ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનના માળિયામા મુકેલ બેગમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ ગોરાભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૮૨/૨૦૨૪</u>**

**કાગડાપીઠઃ** હેતલબહેન વા/ઓ વિજયભાઇ પરમાર (ઉ.વ.૨૬) (રહે. શ્રીસંત રોહીદાસનગરની ચાલી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઈ જતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.પટેલિયા ચલાવે છે.

**ઓઢવઃ** અવિનાસ સુંદરલાલ કોરી (ઉ.વ.૨૧) (રહે. ચામુંડાપાર્ક શિવધારા સામે ઓઢવ ગામ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૪ કલાક ૩/૦૦ થી કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી